उतिष्ठत् जाग्रत् प्राप्य वरान्निबोद्यत्

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)

## મુખપત્ર

**તંત્રી મંડળ**

ભરત એસ. શુક્લ
વિપુલ વી. દવે
દક્ષેશ એસ. પુરોહિત
યોગેશ કે. શુક્લ

**એપ્રિલ–મે ૨૦૧૭**


શ્રી
મ
હા
લ
ક્ષ્મ્યૈ
ન
મઃ



શ્રી
મ
હા
લ
ક્ષ્મી
પ્ર
સ
ન્નો
સ્તુ

**શ્રી મહાલક્ષ્મીધામ, શહેરા**


**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
ઈ–૧૦, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,
આંબાવાડી, અમદાવાદ. મો. ૯૮૨૪૪૦૬૩૮૧

**મંત્રીશ્રી કૌશિક એચ. પાઠક**
૧/૧, ઉદય ફ્લેટ્સ, શાંતિવન પાસે,
પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૭૮૮૧૮૮

**મંત્રીશ્રી જયંત જી. જોષી**
૪૧૫/૨, મમતા સોસાયટી, ઘ–૩,
ગાંધીનગર. મો. ૯૬૦૧૯૯૫૫૬૭

**તંત્રીશ્રી**
જિજ્ઞેશ બી. પંડિત
મો. ૯૦૯૯૦૨૯૦૭૯

**સંપાદકશ્રી**
હસિત એચ. પાઠક
મો. ૯૮૨૫૨૭૭૪૪૦

# સત્કાર યાત્રા અહેવાલ

સપ્ટેમ્બર ૨૦૧૫માં સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની અમદાવાદમાં યોજાયેલ AGM માં થયેલ સમજુતીને સંપૂર્ણ પ્રમાણિકપણે પાલન કરતા તા.૨૯-૦૧-૨૦૧૭ના રોજ ઉન્નતિ વિદ્યાલય અમદાવાદ ખાતે ઉપસ્થિત કારોબારી સભ્યોની હાજરીમાં **આદરણીય શ્રી અનિલભાઈ એસ. દવે** (સિની. એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)એ સમાજના પ્રમુખપદનો કાર્યભાર આદરણીય શ્રી **પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય**ને સોંપ્યો હતો. જેનાથી સમગ્ર સમાજમાં એક ઉત્સાહ અને આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. તેના ભાગરૂપે પંચમહાલ (મહિસાગર) જિલ્લાના શહેરોમાંથી શ્રીગૌડ સમાજના અલગ અલગ જુથોએ નવા વરાયેલ પ્રમુખ **શ્રી બી.એન.ઉપાધ્યાય**ના સ્વાગત-સત્કાર સમારંભોની તૈયારીઓ કરી હતી. આ માટે અમદાવાદથી લગભગ ૫૦ જેટલા શ્રી બંધુ-ભગિનીઓ એ સત્કાર સમારંભની સાથે ધાર્મિકયાત્રાનું આયોજન કરેલ. તે મુજબ તા.૦૫-૦૩-૨૦૧૭ના દિવસે સવારે ૬.૩૦ વાગે લકઝરી બસ દ્વારા અમદાવાદથી નીકળી ગાંધીનગર થઈ સૌ પ્રથમ ભગવાન શામળીયાના શામળાજી ખાતે દર્શન કરી પાવન શરૂઆત કરી. ત્યાંથી હિંડમ્બાવન ખાતે કલેશ્વરી માતાના સ્થાનકની મુલાકાત લઈ મધવાસ ખાતે પ્રયાણ કર્યું હતું. અમદાવાદથી નીકળી મધવાસ જતા સુધી બસના બધા જ પ્રવાસીઓ (ભુલકાં, યુવાન તેમજ વડિલો)એ અંતાક્ષરીની રમઝટ માણી. પ્રમુખશ્રીએ પણ અંતાક્ષરીમાં ભાગ લઈ રોનક વધારી હતી. મધવાસ ગામવાસીઓ તરફથી બપોરના પાકા ભોજનની સગવડ હતી. તે પહેલાં મહાલક્ષ્મી માતાના દર્શન કરી, મધવાસ શ્રીગૌડ સમાજ તરફથી, શ્રીમતી તરલીકાબેન ટી. શુક્લા, શ્રી જનકભાઈ પાઠક, પ્રમુખશ્રીનું સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. મધવાસના ભોજન બાદ લુણાવાડા પંચશીલ હાઈસ્કૂલમાં, શ્રીગૌડના બંને પક્ષો દ્વારા સામુહિક સત્કાર સમારંભ આઈસ્ક્રીમ સાથે રાખાયો હતો. ત્યાં શ્રી જનકભાઈ પાઠક, શ્રી શંકરભાઈ દવે અને અન્ય હોદ્દેદારોએ SSSG ના સભ્યોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કાફલો મરડેશ્વરદાદાના ધામ પહોંચ્યો હતો. દાદાના દર્શનથી સર્વેએ ધન્યતા અનુભવી હતી. ત્યાંથી છેલ્લે શહેરા મહાલક્ષ્મીધામ ખાતે શ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠક અને તેમની અનુશાસિત ટીમે પ્રમુખશ્રીનું ફટાકડા ફોડી સ્વાગત કર્યું હતું અને **શ્રી કમલેશભાઈ પાઠક**ની મુખ્ય અતિથીની ઉપસ્થિતિમાં, પૂર્વપ્રમુખ શ્રી અનિલભાઈ દવે, વર્તમાન પ્રમુખશ્રી **પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય**, શ્રી જનકભાઈ એચ. પાઠક, શ્રી શંકરભાઈ જોષી, શ્રી વિનયભાઈ પાઠક, શ્રી ઠાકોરભાઈ શાસ્ત્રી વગેરેનું શાલ ઓઢાડી, માતાજીની છબી ભેટ આપી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે સાથે ઉપસ્થિત SSSGના તમામ EC મેમ્બર્સનું પણ સન્માન પુષ્પગુચ્છ દ્વારા કર્યું હતું. આણંદ, વડોદરા વગેરેથી પણ શ્રી ભરતભાઈ દવે, શ્રી કનકભાઈ પાઠક વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. તેઓનું પણ પુષ્પગુચ્છ દ્વારા સન્માન કર્યું હતું. મહાલક્ષ્મી ધામ ખાતે શ્રીગૌડ મહેરામણ ઉમડી પડ્યો હતો અને તમામે ઉપસ્થિત રહીને પ્રોત્સાહન કર્યું હતું. ત્યારબાદ માતાજીની સંધ્યા (શયન) આરતીનો લાભ લગભગ દરેક

જણે લીધો હતો અને બ્રાહ્મણપંચ, શહેરાએ સુંદર ભવ્ય ડીનરનું આયોજન કર્યું હતું. શ્રી જિજ્ઞેશભાઈ અને તેમની ટીમે ખૂબ જહેમત કરી પ્રસંગ શોભાવ્યો હતો. તેને ન્યાય આપી દરેકના હૈયે શ્રીગૌડને શ્રીગૌડ મળ્યાનો આનંદને વાગોળતા, કમને છૂટા પડી અમદાવાદ તરફ પ્રયાણ કર્યું હતું.


સવારે જે પ્રમાણે ભેગા થયા હતા તે પ્રમાણે રાત્રે છૂટા પડી મીઠા થાક સાથે રાત્રે સૌ પોતપોતાના ઘરે પાછા ફર્યા.

ઉપરોક્ત સુંદર આયોજન માટે શહેરા બ્રાહ્મણ પંચ, મધવાસ શ્રીગૌડ સમાજ, લુણાવાડાના શ્રીગૌડ સમાજના બંને પક્ષો તથા કાંકણપુર ગોધરા, પંચમહાલ જિલ્લાના તમામ શ્રીગૌડ સમાજનો આભાર. આ ધાર્મિક ટૂરની સુંદર વ્યવસ્થા SBG-AG તર્જ પર કરવા બદલ શ્રી પુષ્પેશભાઈ કે. પાઠક (વીરૂ મેડીકેર)નો વિશેષ આભાર, ધન્યવાદ.

અહેવાલ : દક્ષેશ પુરોહિત, મો. ૯૮૭૯૭૧૦૦૮૯

**નોંધ : વડોદરા સંગઠન અંગેનો અહેવાલ આવતા અંકમાં છાપવામાં આવશે.**






# કાયદાકીય સેવા સેલ

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના માનનીય પ્રમુખશ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાયની વિનંતી સૂચન મુજબ જ્ઞાતિના નીચે જણાવેલ વિદ્વાન ધારાશાસ્ત્રીઓએ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના શ્રીબંધુઓ માટે વિના મુલ્યે કાનુની માર્ગદર્શન આપવા માટે તેમજ જરૂરી માર્ગદર્શન માટે પોતાની સંમતિ દર્શાવેલ છે અને જે બદલ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તેઓનો આભાર માને છે.

(1) અનિલભાઈ એસ. દવે (સીની. એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ). મો. ૯૮૨૫૩૪૬૪૭૦

(2) દિલીપભાઈ એન. પાઠક (એડવોકેટ), ભરૂચ. મો. ૯૪૨૭૧૧૦૪૯૩

(3) દીપકકુમાર અંબાલાલ શુક્લ (એડવોકેટ) રહેવાસીઃ-એ/૨, યશપ્રભા એપાર્ટમેન્ટ, જનતા આઈસ્ક્રીમ પાછળ, ગુરૂકુલ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ મો.નં.૯૮૨૫૦૮૭૯૧૫

(4) મનોજકુમાર ઘનંજયભાઈ શુક્લ (એડવોકેટ) રહેવાસીઃ-૧૪, ક્ષીતીજ રૉ-હાઉસ, બોપલ-આંબલી ચાર રસ્તા, આંબલી ગામ, અમદાવાદ.-૩૮૦૦૫૮ મો.નં.૯૮૨૫૦૧૩૨૭૨

(5) દિલીપભાઈ ચંદુલાલ પાઠક (એડવોકેટ એન્ડ નોટરી) રહેવાસીઃ-વ્યાસવાડા, મુ.પો.તા.શહેરા, જિ.પંચમહાલ. મો.નં.૯૪૨૭૬૫૬૫૬૪

(6) મનદીપ દીલીપભાઈ પાઠક (એડવોકેટ) રહેવાસીઃ-વ્યાસવાડા, મુ.પો.તા.શહેરા, જિ.પંચમહાલ. મો.નં.૯૪૨૭૪૦૭૮૬૫

(7) રોહીતકુમાર રમણલાલ દવે (એડવોકેટ) રહેવાસીઃ-એ/૯, એવરગ્રીન બંગ્લોઝ, કબીર એન્કલેવ પાછળ, હોમીયોપેથીક કોલેજ પાછળ, ઘુમા વિભાષા રોડ, ઘુમાં, અમદાવાદ. મો.૯૮૨૫૦૨૨૦૪૮

(8) જ્યોતિષ રમણલાલ દવે (એડવોકેટ) રહેવાસીઃ-ભગવત બંગ્લોઝ, સોલા ભાગવત વિદ્યાપીઠ સામે, એસ.સી.હાઈવે રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૧૦૫૪૯

(9) વિશાલ જ્યોતિષ દવે (એડવોકેટ) રહેવાસીઃ-ભગવત બંગ્લોઝ, સોલા ભાગવત વિદ્યાપીઠ સામે, એસ.સી.હાઈવે રોડ, અમદાવાદ. મો.

(10) હીરલ વિશાલ દવે (એડવોકેટ) રહેવાસીઃ-ભગવત બંગ્લોઝ, સોલા ભાગવત વિદ્યાપીઠ સામે, એસ.સી.હાઈવે રોડ, અમદાવાદ. મો.

(11) વિજયકુમાર નંદુપ્રસાદ ઉપાધ્યાય (એડવોકેટ એન્ડ નોટરી) રહેવાસીઃ-ઈ/૧૦, આયોજન નગર, પાલડી, અમદાવાદ. મો.૯૮૨૫૦૦૯૨૧૩

(12) શ્રી ભરત પુનમચંદ પુરોહિત (એડવોકેટ), ડાકોર. મો. ૯૪૨૬૫૮૫૨૯૯

નોંધઃ-

✍ હજુ જે ધારાશાસ્ત્રીઓ સેવા આપવા ઉત્સુક હોય તેઓએ પ્રમુખશ્રીને જાણ કરવા સાદર વિનંતી છે.

✍ સમાજના વિવિધ વ્યવસાયોમાં રોકાયેલા શ્રીબંધુઓ પોતાના વ્યવસાયમાં શ્રીબંધુને સેવા માર્ગદર્શન આપવા ઉત્સુક હોય તો તેઓએ પ્રમુખશ્રીનો સંપર્ક કરવો.

---

**रिश्ते और पौधे, दोनों एक जैसे होते हैं। लगाकर भूल जाओ, तो दोनों ही सूख जाते हैं।**

# ડૉક્ટર સેવા સેલ

સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ શ્રી બંસીધર ઉપાધ્યાય એક ડૉક્ટરસેલ બનાવવા જઈ રહ્યા છે. ગુજરાતના સેવાભાવી ડૉક્ટરોનું લીસ્ટ નીચે મુજબ છે. જેઓ શ્રીબંધુની સેવા માટે ઉત્સુક છે, તે બદલ આભાર. હજુ વધુ લોકોની સંમતિ મળે તેમના નામ હવે પછીના એકમમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. પોતાના નામ સ્પેશ્યાલીટી સાથે નોંધાવવા કન્વીનર શ્રી પુષ્પેશ પાઠક, મો. ૯૮૨૪૦૨૩૫૫૪ નો સંપર્ક કરવો.

| | | | |
|---|---|---|---|
| ડૉ. શીલીનભાઈ એન.શુક્લ | હીમેટોલોજીસ્ટ | અમદાવાદ | ૯૮૨૫૬૨૮૮૬૭ |
| ડૉ. કેતન શુક્લ | એમ.ડી. યુરોલોજીસ્ટ | અમદાવાદ | ૯૮૨૫૦૯૭૭૬૭ |
| ડૉ. તરૂણકુમાર એમ. શુક્લ | સદાશિવ ક્લિનિક | લુણાવાડા | ૯૮૨૪૬૮૩૦૨૩ |
| ડૉ. માર્કન્ડરાય આર. શુક્લ | સોનીવાડ | લુણાવાડા | ૯૯૨૫૫૦૨૯૧૫ |
| ડૉ. મહેશકુમાર શુક્લ | વરદાન ક્લિનિક | લુણાવાડા | ૯૪૨૬૦૮૫૮૦૧ |
| ડૉ. રૂદ્રાંગ એમ. શુક્લ | ગોધર | લુણાવાડા | ૮૫૧૧૭૭૭૫૧૯ |
| ડૉ. જીતીન કનૈયાલાલ દવે | ૐ ક્લિનિક | લુણાવાડા | ૯૯૦૯૫૬૪૬૧૩ |
| ડૉ. જ્યોતિમર્ય જી. પાઠક | | શહેરા | ૯૪૨૯૦૫૪૨૨૩ |
| ડૉ. પિન્કલકુમાર આર. શુક્લ | માંજલપુર | વડોદરા | ૯૪૨૭૮૩૯૨૯૧ |
| ડૉ. નિર્જર તરૂણકુમાર શુક્લ | | લુણાવાડા | ૯૪૨૯૬૧૮૮૫૫ |
| ડૉ. કોકિલ કનૈયાલાલ દવે | રિદ્ધી નર્સિંગ હોમ | અમદાવાદ | ૯૮૭૯૬૨૯૦૮૯ |
| ડૉ. પ્રકાશ ગણપતરામ પાઠક | આશુતોષ નર્સિંગ હોમ | વડોદરા | ૯૮૨૫૦૪૫૩૧૫ |
| ડૉ. રોશની કોકિલ દવે | સોલા હોસ્પિટલ | અમદાવાદ | ૯૮૨૫૬૨૮૮૬૭ |
| ડૉ. દુષ્યંત એન.શુક્લ | શ્રીરામ ક્લિનિક | વડોદરા | ૯૮૨૪૦૬૪૫૭૩ |
| ડૉ. અશ્વિનભાઈ આર. દવે | | વેજલપુર | ૯૯૨૫૬૫૪૪૦૩ |
| ડૉ. શ્રીનિવાસ શાસ્ત્રી | | વીરપુર | ૯૯૧૩૬૭૦૨૬૧ |
| ડૉ. દીપા કે. ભટ્ટ | | અમદાવાદ | ૯૪૨૬૦૮૪૭૮૪ |
| ડૉ. ભાર્ગવ કે. ભટ્ટ | ઓર્થો. | અમદાવાદ | ૯૮૨૪૦૬૬૭૮૮ |
| ડૉ. રાહુલ આર. શુક્લ | હોમીયોપેથીક | બરોડા | ૯૪૨૭૫૯૦૧૯૦ |
| ડૉ. સુરેશ પાઠક | | શેહરા | ૯૪૨૭૩૬૧૬૪૬ |
| ડૉ. ભરત શુક્લ | ઈ.એન.ટી. | દાહોદ | ૯૪૨૬૩૪૦૦૮૯ |
| ડૉ. અવની પી. વ્યાસ | એમ.બી.બી.એસ. | સુરત | ૯૮૭૯૯૮૨૮૭૧ |
| ડૉ. શીવાની જે. ભટ્ટ | | જામનગર | ૯૦૯૯૦૧૪૧૬૩ |
| ડૉ. અશ્વીનભાઈ દવે | | અમદાવાદ | ૯૯૨૫૬૫૪૪૦૩ |
| ડૉ. મયુર દવે | | બરોડા | ૯૮૯૮૧૪૧૪૦૫ |
| ડૉ. દેવેશ ટી. શુક્લ | | | ૮૫૧૧૭૭૭૫૧૯ |

**कल हों या परसों या युगों बाद, पर सत्य की जीत अवश्य होगी ।**

# શૈક્ષણિક અને રોજગાર સેવા સેલ

| | | |
|---|---|---|
| શ્રી પુષ્પેશ પાઠક | ૯૮૨૪૦૨૩૫૫૪ | અમદાવાદ |
| ડૉ. અલ્પેશ બી. ઉપાધ્યાય | ૯૯૭૯૪૦૧૨૧૨ | અમદાવાદ |
| શ્રીમતી કામાક્ષી ટી. પંડ્યા | ૭૬૨૩૮૭૭૫૯૬ | વડોદરા |
| સુ.શ્રી સંવિદાબેન | ૯૦૩૩૦૭૪૭૨૬ | વડોદરા |
| શ્રીમતી સોહાબેન | ૯૪૮૦૦૮૭૯૪૫ | ચેન્નાઈ |
| શ્રી પંકજ પુરોહિત | ૯૪૨૬૩૭૦૬૩૭ | આણંદ |
| ડૉ. પ્રિતેશ શુક્લ | ૯૮૨૮૪૯૧૨૨૧ | વિ.વિ.નગર |
| શ્રી યોગેશ કે. શુક્લ | ૯૮૨૪૦૫૮૭૯૯ | અમદાવાદ |

## સામાજીક સમાચાર

- ❐ સમસ્ત શ્રી ગૌડ સમાજ ગુજરાત તથા શ્રી ગૌડ શુભેચ્છક મંડળ, ગૃહસ્થપક્ષ, નાનું તડ, ગોધરા એકમ દ્વારા પ્રથમ "જીવનસાથી પસંદગી સંમેલન" તા. ૨૮-૦૫-૨૦૧૭ના રોજ, રાજપુત સમાજ હોલ, ગોધરા મુકામે રાખવામાં આવેલ છે. વધુ માહિતી માટે (૧) કમલેશ જોશી-૯૯૯૮૮૪૬૩૩૭, (૨) મનોજ જોશી - ૯૪૨૬૩૬૨૫૨૭, (૩) ઉમેશ જોશી -૯૮૨૫૧૪૪૬૮૮નો સંપર્ક કરવો.
- ❐ શ્રીમતી ઉર્વશીબેન અને શ્રી જગદીશચંદ્ર જે પંડ્યાની સુપુત્રી ચિ. કોમલ, એમ.બી.બી.એસ. થયેલ છે. અભિનંદન..!
- ❐ શ્રીમતી દિપાલી અને શ્રી ધર્મેશકુમાર શુક્લની સુપુત્રી ચિ. નિધી, બી.જે. મેડીકલ કૉલેજમાં એમ.બી.બી.એસ.માં પાંચમાં ક્રમે આવેલ છે. અભિનંદન...!
- ❐ શ્રી કમલેશકુમાર મહેન્દ્રપ્રસાદ શુક્લ (વિરપુર)ની સુપુત્રી ચિ. હાર્દિએ કૉલેજમાં પ્રથમ અને યુનિવર્સિટીમાં ઉચ્ચ રેન્ક પ્રાપ્ત કરેલ છે. અભિનંદન...!
- ❐ શ્રીમતી કલ્પનાબેન દવેને તેમની કૃતિ "મારૂ આકાશ ક્યાં ?"ને કલાગુર્જરી મુંબઈ દ્વારા, ગીર ગુર્જરી ઍવોર્ડ તા. ૧૨-૦૩-૨૦૧૭ના રોજ એનાયત થયેલ છે.
- ❐ શહેરાના વતની શ્રી કૃતાર્થ કિરીટભાઈ જોષી (પ્રિન્સીપાલ, લીટલ ફ્લાવર સ્કુલ, દાહોદ) ને દાહોદ અંજન મહાજન એજ્યુ. સોસાયટી તરફથી "કર્મશીલ" ઍવોર્ડ એનાયત થયેલ છે.
- ❐ આણંદ શ્રીગૌડ સમાજ દ્વારા મહિલા અને સીનીયર સીટીઝન ગ્રુપની રચના કરવામાં આવી છે. અનુક્રમે શ્રીમતી નીતાબેન આર. પાઠક અને હેમંતભાઈ પુરોહિતની નિયુક્તિ કરવામાં આવી છે.
- ❐ દવે હાઈસ્કૂલ, મલાડ, મુંબઈના આધ્યાપકશ્રી કમળાશંકર દવેની ૧૦૦મી જ્યંતિ મલાડ(વેસ્ટ)માં ઉજવાઈ.
- ❐ ગોધરા મુકામે શ્રી રજનીકાંત પાઠક માર્ગનો લોકાપર્ણ સમારોહ તા. ૦૪-૧૨-૨૦૧૬ના દિને યોજાયો.
- ❐ તા. ૧૬-૦૪-૨૦૧૭ના રોજ જી.ટી.પી.એલ. ચેનલ પર કાવ્યરસ કાર્યક્રમમાં યુવા કવિશ્રી ચેતન જીતેન્દ્રકુમાર શુક્લ ની કૃતિઓનું તેઓએ પઠન કર્યું હતું.
- ❐ શ્રી પ્રવિણચંદ્ર અંબાલાલ દવેની સુપુત્રી ચિ. દિપીકાએ શ્રી જીતેન્દ્રકુમાર મહેશચંદ્ર પંડ્યાના સુપુત્ર ચિ. શ્રેણિક સાથે ૨૦-૦૧-૨૦૧૭ના દિને પ્રભુતામાં પગલા પાડ્યાં છે. શુભાશિષ.
- ❐ **સાભાર સ્વીકાર :** રૂ. ૧૦૦૦/- શ્રી હરિશભાઈ ઉપાધ્યાય (કલોલ) તરફથી, રૂ. ૧૦૦૧/- શ્રી કિરીટભાઈ કાંતિલાલ જોશી તરફથી

---

**લક્ષ્મી હંમેશા ઘર માં ખુશી જ લાવે છે એ ભલે ને પછી વહુ હોય કે દીકરી..!**

# અવસાન નોંધ

| ક્રમ | નામ | વતન | રહેઠાણ |
|---|---|---|---|
| ૧. | સૌ. કુસુમબેન નવીનચંદ્ર પુરોહિત | બાયડ | |
| ૨. | મહેન્દ્રભાઈ વિષ્ણુભાઈ પુરોહિત | બાયડ | અમદાવાદ |
| ૩. | બળવંતભાઈ મગનલાલ જોશી | વાડીવાળા | અમદાવાદ |
| ૪. | ગં.સ્વ. પ્રેમિલાબેન રસિકલાલ પુરોહિત | ડેમાઈવાળા | વડોદરા |
| ૫. | રામપ્રસાદ ઉમિયાશંકર જોશી | ગોધરા | વડોદરા |
| ૬. | પ્રવિણચંદ્ર પ્રાણશંકર ભટ્ટ | ઠાકોર | અમદાવાદ |
| ૭. | ઘનશ્યામભાઈ પુરુષોતમ તલાટી | ભદ્રાસા | નડિયાદ |
| ૮. | ગં.સ્વ. લીલાબેન જયશંકર ઉપાધ્યાય | ખારોલ | ગોધરા |
| ૯. | ગં.સ્વ. ચંદ્રકાન્તાબેન ભાનુશંકર જોશી | વેજપુર | વડોદરા |
| ૧૦. | ગં.સ્વ. પુષ્પાબેન કીર્તિકુમાર જોશી | છોટાઉદેપુર | ડભોઈ |
| ૧૧. | જયંતિલાલ છોટાલાલ જોશી | ગહેરા | |
| ૧૨. | ગં.સ્વ. કૈલાસબેન મગનલાલ દવે | | અમદાવાદ |
| ૧૩. | સૌ. અરૂણાબેન હર્ષદભાઈ પંડ્યા | ડાકોર | |
| ૧૪. | શ્રી સૂર્યકાન્તભાઈ પી. શુક્લ | મઘવાસ | અમદાવાદ |
| ૧૫. | શ્રી ભોગીન્દ્ર જયકૃષ્ણ દવે | શહેરા | અમદાવાદ |
| ૧૬. | અ.સૌ. રાજેશ્વરી પિનાકીન દવે | | અમદાવાદ |
| ૧૭. | શ્રી નવનીતભાઈ પૂજાલાલ દવે | | અમદાવાદ |
| ૧૮. | શ્રી અરવિંદભાઈ પંડ્યા | કાંકણપુર | ગોધરા |
| ૧૯. | શ્રીમતી કંચનબેન કે. જોષી | | મુંબઈ |
| ૨૦. | શ્રીમતી હર્ષાબેન કૌશીકભાઈ ભટ્ટ | | અમદાવાદ |

**સર્વે દિવંગત આત્માઓ શાશ્વત શાંતિ પામે તેવી સમાજ તરફથી પ્રભુને પ્રાર્થના......!**

# શ્રદ્ધાંજલી



**અ.સૌ. ઉર્મિલાબેન મનહરલાલ જોષી**

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કે હૃદયમાં સૌના ગૂંજ્યા કરે,
ધર્મ કદૂ ભૂલ્યા નહીં વ્યવહાર કદી ચૂક્યા નહીં, સુખ દુઃખમાં હસતા રહ્યા,
સૌના હૃદયમાં વસી ગયા, જતા જતા એટલું કહેતા ગયા કે,
ચિંતા ના કરો જેનું કોઈ નથી તેના ભગવાન છે.
**ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.**

**મનહરભાઈ પી. જોષી (ઉમરેઠ રત્ન)**
**સમસ્ત બ્રહ્મ સમાજ અને શ્રીગૌડ કાર્યકર**
**બ્રહ્મકર્મચારી ટાઈમ્સ - ગુજરાત ચીફ બ્યુરો**
**મુ.પો. ખંભોળજ, જિ. આણંદ.**

**બીજાને સુખી કરવાની ભાવના રાખનારો કોઈ દિવસ દુઃખી થતો નથી.**

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

**વિધાતા મેરેજ બ્યુરો**

૧૯૯૫ થી સર્વજ્ઞાતિના તમામ પ્રકારના ભારતના વિદેશના એન.આર.આઈ., અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએઠ, ઉચ્ચ શિક્ષિત, હાઈ પ્રોફાઈલ, અપરીણિત, ડિવોર્સી, વિધુર, વિધવા, સિનિયર સિટિઝન, ત્યક્તા, સફેદ દાગ, વિકલાંગ, શારીરિક ક્ષતિ, મુક–બધિર, પ્રજ્ઞાચક્ષુ, એચ.આઈ.વી., લીવ ઈન રિલેશનશીપ ઈચ્છતા તેમજ આર્થિક રીતે પછાત યુવક–યુવતીઓનાં યોગ્ય લાયક જીવનસાથી પાત્રો આપની પસંદગી મુજબ ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

**એક ફોન / મુલાકાત આપની જિંદગી બદલી શકે છે**

અભણ, ઓછું ભણેલી, આર્થિક રીતે પછાત, નોન ગ્રેજ્યુએટ, વિકલાંગ, શારીરિક રીતે, મુક–બધિર, પ્રજ્ઞાચક્ષુ તચેમજ ત્યક્તા સિનિયર સિટિઝન તેમજ લીવ ઈન રીલેશનશીપ વાળી યુવતીઓનું રજીસ્ટ્રેશન મફત કરવામાં આવશે.

૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

Website : www.vidhatamarriage.co.in
Email : vidhata2013@ymail.com | contact@vidhatamarriage.co.in

હસમુખ જોષી
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી વિધાતા યોગ્ય સમયે મેળવી આપે છે, તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

દિના જોષી
M.A.,LL.B.
મેનેજર

**સમસ્ત શ્રીગૌડ સમાજને શુભેચ્છાઓ**

# સોમનાથ ટ્રેડર્સ

**બસ સ્ટેન્ડ સામે,**
**કાલોલ, જિ. પંચમહાલ**

**શ્રી હરીશભાઈ ઉપાધ્યાય.**
**મો. ૯૯૭૯૨૬૯૮૫૮**

**સમસ્ત શ્રીગૌડ સમાજને શુભેચ્છાઓ**

**શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ ઉપાધ્યાય**
ગળતેશ્વર તાલુકા ભા.જ.પ. પ્રમુખ
**મો. ૯૮૨૪૧૬૮૧૧૭**

**શ્રીમતી રંજનબેન જીતેન્દ્રકુમાર ઉપાધ્યાય**
(પૂર્વ પ્રમુખ, તાલુકા પંચાય, ગળતેશ્વર)

**નીરવકુમાર જીતેન્દ્રકુમાર ઉપાધ્યાય**
મહામંત્રી, શૈક્ષિક મહાસંઘ, ખેડા જિલ્લો

**મિતલબેન નીરવકુમાર ઉપાધ્યાય**
સભ્ય, તાલુકા પંચાયત, ગળતેશ્વર

પ્રકાશક અને મુદ્રક :
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી
**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
**C/o. શ્રી કિરણભાઈ વી. દવે, (ખજાનચી)**
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૩
જુની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,
અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૫૩૦૧૦
આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-
પરદેશમાં રૂ. ૨૫૦૦/-

બુક–પોસ્ટ

પ્રતિ